**જરૂરી**

જા.નં.બોર્ડ/પૂ.પરીક્ષા/૨૦૨૦/૧૦૨૨૭

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/3 જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૨૨/૧૦/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત શહેર અને સુરત જિલ્લો.
સુરત

**વિષય:** ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ઓગષ્ટ (પુરક) ૨૦૨૦ સામાન્ય પ્રવાહ પરીણામનું વિતરણ કરવા બાબત.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ઓગષ્ટ (પુરક) ૨૦૨૦ સામાન્ય પ્રવાહના પરીણામ પત્રકો ટી.એન્ડ ટી.વી. હાઈસ્કૂલ,નાનપુરા, સુરત ખાતેથી તા.૨૪/૧૦/૨૦૨૦ શનિવારે સવારે ૦૯.૦૦ થી ૧૧.૦૦ દરમિયાન શાળાના ઓથોરીટી પત્ર (લેટરપેડ) સાથે મેળવી લેવાની રહેશે.

**નોંધ:-**

1. પરીક્ષા લેવા આવનાર કર્માચારીએ ફરજીયાત COVID-19 ની ગાઇડલાઇનનો અમલ કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

પરીપત્ર

કમાંકમઉમશબ- ક-૧/પરિણામ/પૂરક /૨૦૨૦-
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટબી.૧૦-, જૂના સચિ વા લ ય પાસે,
ગાંધીનગર. તા.૨૦/૧૦/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સામાન્ય પ્રવાહની ઉ.મા.શાળાઓ (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય –ઉ.મા.પ્ર.પરીક્ષા,(પૂરક પરીક્ષા સપ્ટે-૨૦૨૦), ધોરણ-૧૨, સામાન્ય પ્રવાહના ઉપસ્થિત ઉમેદવારોના પરિણામના વિતરણ અંગે.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ઉ.મા.પ્ર. પરીક્ષા, (પૂરક પરીક્ષા સપ્ટે-૨૦૨૦) ધોરણ-૧૨, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમા માં ઉપસ્થિત તમામ ઉમેદવારોના ગુણપત્રક/પ્રમાણપત્ર તથા એસ.આર. આ સાથે મોકલવામાં આવે છે. જેમાં નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવી.

1. ઉ.મા.પ્ર. પરીક્ષા, (પૂરક પરીક્ષા સપ્ટે-૨૦૨૦)ની માર્કશીટ તથા સર્ટીફીકેટનું તમામ વિદ્યાર્થીઓને તાત્કાલિક વિતરણ કરવાનું રહેશે.
2. ઉ.મા.પ્ર.પરીક્ષા (પૂરક પરીક્ષા સપ્ટે-૨૦૨૦) આપી હોય અને પરિણામમાં ગેરહાજર દર્શાવેલ હોય તેવા વિદ્યાર્થીની શાળાઓએ દફતર ચકાસણી માટે દિન-૦૨ (બે) માં રૂબરૂમાં ગાંધીનગર બોર્ડની કચેરીમાં રજૂઆત કરવાની રહેશે. સમયમર્યાદા બાદ આવેલ અરજી ધ્યાને લેવાશે નહી.
3. સામાન્ય પ્રવાહના પૂરક પરીક્ષાના પરિણામ બાદ ગુણ-ચકાસણી માટે ગુણપત્રક તથા ફી-રસીદની ઝેરોક્ષ સાથે શાળાના લેટરપેડ પર અરજીમાં વિષયદીઠ રૂ|.૧૦૦/- ના ડી.ડી. સાથે પરિણામ જાહેર થયા બાદ બોર્ડની ગાંધીનગરની કચેરીમાં દિન-૦૭ (સાત) માં અરજી કરવા જણાવવામાં આવે છે. સમયમર્યાદા બાદ આવેલ અરજી ધ્યાને લેવાશે નહીં.ગુણ ચકાસણીની અરજી આર.પી.એ.ડી. (R.P.A.D.) થી મદદનીશ સચિવ, શ્રી એન.કે.પટેલ , શાખા-ક/૧ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી, જુના સચિવાલય પાસે, ગાંધીનગરના સરનામે નામજોગ મોકલવાની રહેશે તથા અરજી, ગુણપત્રક અને ડીમાન્ડ ડ્રાફ્ટની ઝેરોક્ષ કોપી hsck1gseb@gmail.com પર મેઈલ કરવાની રહેશે.
4. અન્ય સુધારા જેવા કે દફતર ચકાસણી/ગુણપત્રકમાં નામ/અટક સુધારો કરવા માટેના નિયત ફોર્મ માર્ચ-૨૦૨૦ ના પરિણામ સાથેના પરિપત્ર મુજબ નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.
5. ગેરહાજર ઉમેદવારોની માર્કશીટ ઈસ્યુ કરવામાં આવેલ નથી. તેની ખાસ નોંધ લેવી.
6. પરીક્ષામાં ઉપસ્થિત ઉમેદવાર પૈકી કોઈ ઉમેદવારને ગુણપત્રક કે પ્રમાણપત્ર ન મળ્યુ હોય તો દિન-૦૨ (બે) માં શાળાના લેટરપેડ પર દરખાસ્ત તૈયાર કરી R.P.A.D.થી મોકલી આપવી અને દરખાસ્ત મળ્યેથી ગુણપત્રક/પ્રમાણપત્ર ટપાલ દ્વારા રવાના કરવામાં આવશે. જે અંગેની નોંધ લેવા જણાવવામાં આવે છે. ઉપરાંત બોર્ડના સામાન્ય પ્રવાહના Helpline નંબર 7567918938 પર પણ આ અંગે માર્ગદર્શન મેળવવું.
7. શાળાના આચાર્યશ્રીઓને વિનંતી કે પૂરક પરીક્ષાની ફી જમા કરાવવાની બાકી કે ઓછી ફી જમા કરાવી હોય તો તે રકમનો ડી.ડી. શાળાના લેટર પેડ સાથે દિન-૧૦ માં બોર્ડમાં અચૂક જમા કરાવવાનો રહેશે. અન્યથા નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેશો.

નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ રવાના :-
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ) તરફ જાણ તથા અમલ થવા સારૂ